કચેરીના ઉપયોગ માટે

# નવસારી કૃષિ યુનિવર્સીટી નવસારી

## કેવિકે, ખેડૂતઘર ખાતે રસોઈની કામગીરી માટેનું ટેન્ડર ડોકયુમેન્ટ

| | |
|---|---|
| ટેન્ડર નંબર | |
| ટેન્ડર ફી | રૂા.૧૫૦૦/– |
| રસીદ નં. | |
| તારીખ | |
| ઓથોરીટીની સહી | |

**–:નોંધ:–**

આ ટેન્ડર ફોર્મ લેવા માટે નાણાં રોકડા ભર્યા હોય તો તેની રસીદ/ડી.ડી.જોડવા નહીંતર સદર ફોર્મ અપૂર્ણ ગણી રદ કરવામાં આવશે.

**ભરેલ ટેન્ડર ફોર્મ મોકલવાની છેલ્લી તારીખ:૦૩/૦૧/૨૦૨૦**


**કચેરી**

**વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી,**

**કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,**

નવસારી કૃષિ યુનિવર્સિટી,

નવસારી–૩૯૬૪૫૦, ગુજરાત

ટેલીફોન નંબર : (૦૨૬૩૭) ૨૮૨૦૦૮, ૨૮૨૦૦૯

મોબાઈલ : ૯૭૨૫૦૦૬૦૧૨

### કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,

# નવસારી કૃષિ યુનિવર્સિટી,

### નવસારી–૩૯૬૪૫૦

# ટેન્ડર ડોકયુમેન્ટ

## –: કેવીકે, ખેડૂતઘર ખાતે રસોઈની કામગીરી :–

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારીનો મુખ્ય ઉદ્દેશ જીલ્લાનાં ખેડૂતોને ખેતી તેમજ તેના સંલગ્ન વિષયોમાં નવિનતમ તકનીકીઓથી માહિતગાર કરી ખેડૂતોની ખેતીમાં સુધારા દ્વારા તેઓનાં આર્થિક વિકાસમાં મદદરૂપ થવાનો છે. આ કેન્દ્ર દ્વારા ખેડૂતોનાં ખેતરે અગ્રીમ હરોળ નિદર્શનો, ઓન ફાર્મ ટેસ્ટીગ તેમજ કેન્દ્રીય અને ક્ષેત્રિય તાલિમ કાર્યક્રમો થકી ખેડૂતોને નવીનતમ તાંત્રિકી, નવા બિયારણોની જાણકારી આપવામાં આવે છે.

આ માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી ખાતે દર વર્ષે હજારોની સંખ્યામાં ખેડૂત તાલિમાર્થીઓ–મુલાકાતીઓ સમગ્ર દેશમાંથી મુલાકાતે આવતા હોય છે. આ કેન્દ્ર ખાતે મુલાકાતી–તાલિમાર્થીઓને રહેઠાણની સગવડ ખેડૂતઘર ખાતે ખૂબ ઓછા દરે પુરી પાડવામાં આવે છે. આ કેન્દ્ર યુનિવર્સિટીમાં ખૂબ અંદરની ભાગે આવેલ હોવાથી ખેડૂતોને રોકાણ દરમ્યાન ભોજન–ચા–નાસ્તો વગેરેની અગવડતા રહેતી હોવાથી ખેડૂતોને રોકાણ દરમ્યાન ભોજન–ચા–નાસ્તો બનાવીને પીરસવાની સંપૂર્ણ જવાબદારી ઉઠાવી શકે તેવી અનુભવી અને રસ ધરાવતી પાર્ટીને કોન્ટ્રાકટ આપવાનો છે. આ માટે રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી ભાવ મંગાવવામાં આવે છે. આ માટે આ સાથે સળંગ પાના નં ૧ થી ૪ સુધી ક્રમ ધરાવતાં કાગળો સામેલ છે.


| અ.નં. | વિગત | પાના નં. |
|---|---|---|
| ૧ | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ખેડૂતઘર ખાતે રસોઈની કામગીરી તથા ટેન્ડર અંગેની શરતો | ૧ થી ૩ |
| ૨ | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ખેડૂતઘર ખાતે રસોઈ બનાવવાના ભાવોનું પત્રક | ૪ |


@@@@@@@#######@@@@@@@
##########@@@@@##########

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી.

## કેવીકે, ખેડૂતઘર ખાતે રસોઈની કામગીરી તથા ટેન્ડર અંગેની શરતો અને બોલીઓ

| | |
|---|---|
| ૧. | રસોઈ બનાવવા માટે ઉચ્ચ કક્ષાની કાચી સામગ્રી અને ડબલ ફીલ્ટર્ડ તેલ (મગફળી/કપાસીયા/સનફ્લાવર) નો ઉપયોગ કરીને આરોગ્યપ્રદ, શુધ્ધ અને સાત્વિક ભોજન બનાવવાનું રહેશે. ગુણવત્તા બાબતે કોઈ બાંધછોડ કરવામાં આવશે નહી. |
| ૨. | રસોઈ અને પીવાના પાણી માટે R.O. વોટર તેમજ બળતણ માટે ગેસ ચુલા અને સીલીન્ડરની વ્યવસ્થા પાર્ટીએ સ્વ ખર્ચે કરવાની રહેશે. |
| ૩. | યુનિવર્સિટી તરફથી મર્યાદિત સંખ્યામાં ઉપલબ્ધ રસોઈ/ભોજન માટેના સાધનો/વાસણો પાર્ટીને પહોંચ લઈને આપવામાં આવશે. રસોઈનો કોન્ટ્રાકટ પુરો થયે જે હાલતમાં વાસણો/સાધનો આપેલ હોય તે હાલતમાં, તેટલી સંખ્યામાં યુનિવર્સિટીને પરત કરવાના રહશે. ખોવાયેલ વાસણો/સાધનો જે ગુણવત્તાના છે તેવા જ નવા ખરીદીને પરત કરવાના રહેશે. |
| ૪. | ભોજન લેનારની સંખ્યા વધારે હોય ત્યારે વધારાની જરૂરીયાત મુજબના તમામ પ્રકારના સાધનો/વાસણોની વ્યવસ્થા પાર્ટીએ પોતાના ખર્ચે કરવાની રહેશે.તદઉપરાંત સાફ–સફાઈની જવાબદારી પાર્ટીની રહેશે. |
| ૫. | ભોજન માટે ઓછામાં ઓછા ૧૦ (દસ) વ્યકિત હોય ત્યારે પણ પાર્ટીએ રસોઈ કરી આપવાની રહેશે. |
| ૬. | રસોડાની અંદર અને બહાર (ભોજન પરિસર/ડાઈનીંગ હોલ) તેમજ ભોજન માટે વાપરવામાં આવતા વાસણો, ડીશ, વાટકી અને ચમચીની સફાઈ અને સ્વચ્છતા જાળવવાની સંપૂર્ણ જવાબદારી પાર્ટીની રહેશે. |
| ૭. | રસોડામાંથી નીકળતો કચરો તેમજ રસોઈના એઠવાડના કારણે ગટરલાઈન જો બ્લોક થઈ જાય તો પાર્ટીએ પોતાના ખર્ચે ગટર લાઈનની સફાઈ કરાવી લેવાની રહેશે. |
| ૮. | ભોજન આપવા માટે સૂચવેલ હોય તે સમયે ભોજન તૈયાર રાખવાનું રહેશે. |
| ૯. | રસોડાની કામગીરીને કારણે યુનિવર્સિટીની માલમિલકતને નુકશાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી પાર્ટીની રહેશે. |
| ૧૦. | સરકારશ્રી દ્વારા માન્ય થયેલ જાહેર પબ્લિકના આરોગ્યની જાળવણીના નિયમોનુસાર રસોડાની સ્વચ્છતા અને રસોઈ સબંધી તમામ ચીજવસ્તુઓ, વાસણો, સાધનોનો ઉપયોગ કરવાનો રહેશે. |
| ૧૧. | રસોડાની કામગીરી સાથે સંકળાયેલ તમામ વ્યકિતઓએ સ્વચ્છતા જાળવવાની રહેશે અને કામગીરી દરમ્યાન માથા પર ટોપી અને હાથમાં ગ્લોવ્ઝ/મોજાં પહેરવાનાં રહેશે. |
| ૧૨. | રસોડાની જવાબદારી સંભાળનાર પાર્ટીને ખેડૂતઘર ખાતે રાત્રિ રોકાણની સુવિધા પૂરી પાડવામાં આવશે નહિ. |
| ૧૩. | નિયત કરેલ જુદી જુદી ડિશોના મેનુ સિવાય યુનિવર્સિટીના કોઈ વિભાગ દ્વારા ખાસ ડીશનો ઓર્ડર આપવામાં આવે ત્યારે પાર્ટીએ જે તે વિભાગના વડા સાથે મેનુ અને ભાવ અંગે જરૂરી પરામર્શ કરી લેવાનો રહેશે. નાણાંની ચૂકવણી કે રસોઈની ગુણવત્તા માટે અત્રેના કેન્દ્રની કોઈ જવાબદારી રહેશે નહી. |
| ૧૪. | પાર્ટીએ ફકત કેન્દ્રના ખેડૂતઘર ખાતે રસોઈ તૈયાર કરવાની રહેશે. સક્ષમ અધિકારીની સૂચનાથી ખેડૂતઘર ની બહાર રસોઈ કરવાની થાય ત્યારે ખેડૂતઘરના રસોઈ/ભોજન માટેના કોઈપણ સાધનો/વાસણોનો ઉપયોગ કરી શકાશે નહી. |
| ૧૫. | ભોજન અંગે અગાઉથી એડવાન્સ નાણાં ચૂકવવામાં આવશે નહી. |
| ૧૬. | ભાવો તમામ પ્રકારનાં ટેક્ષ સાથેનાં પ્રતિ ડીશ પ્રમાણે આપવાના રહશે. |
| ૧૭. | ટેન્ડર ભરનાર પાર્ટીએ અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) પેટે **" NAU FUND ACCOUNT"** ના |

| | |
|---|---|
| | નામનો રૂા. ૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) નો **ડીમાન્ડ ડ્રાફટ** ટેન્ડર ફોર્મની સાથે મોકલવાનો રહેશે. જો ટેન્ડરની સાથે ઉપરની વિગતે ડીમાન્ડ ડ્રાફટ મોકલવામાં નહીં આવે તો તે પાર્ટીનું ટેન્ડર ધ્યાને લેવામાં આવશે નહીં. |
| ૧૮. | અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) ની પુરેપુરી રકમ નીચે દર્શાવેલ કારણોસર જપ્ત ( forfeit) કરવામાં આવશે, જેમાં;<br>(અ) ટેન્ડર ભરનાર પાર્ટી પોતાનું ટેન્ડર પરત ખેંચશે તો,<br>(બ) જે પાર્ટીનું ટેન્ડર મંજૂર કરવામાં આવે અને તે પાર્ટી જો રસોઈની કામગીરી કરવાનું ન સ્વીકારીને પીછે હઠ કરે તો,<br>(ક) રસોઈની કામગીરી સંતોષકારક રીતે ન કરે તો, અને<br>(ડ) કોન્ટ્રાકટની નકકી કરેલ સમયાવધિ પહેલાં અધવચ્ચેથી રસોઈની કામગીરી છોડીને જતા રહે તો. |
| ૧૯. | જે પાર્ટીના ભાવ મંજુર કરવામાં આવે તે પાર્ટીએ ઓર્ડર મળ્યાની તારીખથી દિન–૭ માં સીકયોરીટી ડીપોઝીટ તરીકેની રકમ રૂા. ૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચીસ હજાર પૂરા) જમા કરાવવાના રહેશે, જે રકમ પૂર્ણ અથવા અંશતઃ રકમ નીચે દર્શાવેલ કારણોસર જપ્ત ( forfeit) કરવામાં આવશે, જેમાં;<br>(અ) રસોડા માટે આપવામાં આવેલ સાધન સામગ્રી (વાસણ, ફર્નિચર, ઈલેકટ્રીક સાધનો)ને બગાડી નાખે કે ખોઈ નાખે તો, અને<br>(બ) રસોડાની યોગ્ય સાફ સફાઈ કરવામાં ન આવે અને યુનિવર્સિટી તરફથી સફાઈની વ્યવસ્થા કરવામાં આવે.<br>(ક)રસોઈની કામગીરી સંતોષકારક રીતે ન કરે તો, અને<br>(ડ) કોન્ટ્રાકટની નકકી કરેલ સમયાવધિ પહેલાં અધવચ્ચેથી રસોઈની કામગીરી છોડીને જતા રહે તો.<br>અન્યથા કોન્ટ્રાકટ પુરો થયે કામગીરી સંતોષકારક જણાય તો સીકયોરીટી ડીપોઝીટ ની રકમ પુરેપુરી પરત કરવામાં આવશે. |
| ૨૦. | અસફળ રહેલ પાર્ટીને તેમની અર્નેસ્ટ મની ડીપોઝીટ(EMD) ની રકમ ટેન્ડરીંગ કાર્યવાહી પૂર્ણ થયે પરત કરવામાં આવશે. જયારે સફળ રહેલ પાર્ટી સિકયોરીટી ડિપોઝીટ (SD) તરીકેની રકમ જમા કરાવે પછી પરત કરવામાં આવશે. |
| ૨૧. | જે પાર્ટીને ઓર્ડર આપવામાં આવે તે પાર્ટીએ રસોડાના ઘસારા ખર્ચ પેટે રૂા. ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) " SENIOR SCIENTIST AND HEAD, KVK, NAU, Navsari" ના નામના ડીમાન્ડ ડ્રાફટથી અથવા રોકડેથી દિન–૧૫માં અત્રેની કચેરીમાં જમા કરાવવાના રહેશે, જે પરત મળવા પાત્ર રહેશે નહી. આમ કરવામાં નિષ્ફળ જનાર પાર્ટીનો ઓર્ડર આપોઆપ રદ ગણાશે અને બીજા નંબરની પાર્ટીને ઓર્ડર આપવામાં આવશે. |
| ૨૨. | જે પાર્ટીના ભાવો માન્ય રાખવામાં આવે અને તે પાર્ટી નિયત કરવામાં આવેલ તારીખે રસોડું શરૂ કરવામાં નિષ્ફળ જશે તો કોઈપણ કારણ આપ્યા વગર તે પાર્ટીનો કોન્ટ્રાકટ રદ કરી પછીના ક્રમે આવતા ઈસમને કોન્ટ્રાકટ આપી દેવામાં આવશે અને અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) ની રકમ પુરેપુરી જપ્ત (forfeit) કરવામાં આવશે. |
| ૨૩. | યુનિવર્સિટીના જે તે વિભાગને પ્રિન્ટેડ લેટરપેડ ઉપર પાકું બીલ આપવાનું રહેશે. બીલના પેમેન્ટ બાબતે કોઈપણ કાયદાકીય પ્રશ્નો ઉપસ્થિત થાય ત્યારે સંપૂર્ણ જવાબદારી પાર્ટીની રહેશે. જરૂરીયાત ઉભી થાય ત્યારે બીલની કુલ રકમમાંથી નિયમાનુસાર TDS કાપી બીલનું ચુકવણું કરવામાં આવશે. |
| ૨૪. | આ કોન્ટ્રાકટ એક વર્ષ અથવા યુનિવર્સિટીના સક્ષમ અધિકારી નકકી કરે તેટલા સમયગાળાનો રહેશે. |
| ૨૫. | ચા–પાણી–નાસ્તો અને ભોજન લીધા પછી ભોજનના કારણે જો કોઈ ભોજન લેનારના આરોગ્ય (ઝાડાં, ઉલ્ટી, તાવ, અશકિત વિ.)ને લગતા પ્રશ્નો ઉપસ્થિત થશે તો તેની આરોગ્ય અને કાયદાકીય સંપૂર્ણ જવાબદારી પાર્ટીની રહેશે. |
| ૨૬. | સંતોષકારક ભોજન તૈયાર કરવામાં ન આવે અથવા પાર્ટી વખતોવખત મળતી સુચનાઓનો અમલ ન કરે તો કોન્ટ્રાકટ રદ કરવાની સત્તા યુનિટ હેડ પાસે રહેશે. |
| ૨૭. | પાર્ટી પાસે સક્ષમ અધિકારી દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ રસોયા તરીકેનું નોંધણી પ્રમાણપત્ર અને પાનકાર્ડ |

| | |
|---|---|
| | હોવું ફરજિયાત છે. |
| ૨૮. | પાર્ટી પાસે ફૂડ અને ડ્રગ્ઝ કંટ્રોલ અડમીનીસ્ટ્રેશન, ગુજરાત રાજય દ્વારા આપવામાં આવતું લાયસન્સ (FSSAI) હોવું આવશ્યક છે. |
| ૨૯. | સરકારી/સહકારી/યુનિવર્સિટીમાં રસોડા ચલાવવાનો અનુભવ હોય તો તેનું પ્રમાણપત્ર અથવા આધાર રજુ કરવાના રહેશે. |
| ૩૦. | ભાવો સુવાચ્ય અક્ષરે અને છેકછાક વગર ભરવાના રહેશે તથા પાર્ટીના સહી સિકકા યોગ્ય જગ્યાએ અને યોગ્ય રીતે થયેલ હોવા જોઈએ નહિંતર આવું ટેન્ડર ફોર્મ અમાન્ય ગણવામાં આવશે. |
| ૩૧. | ટેન્ડર ફોર્મની ફી પેટે રોકડેથી ભરેલું રૂા.૧૫૦૦/– ની અસલ રસીદ ટેન્ડર ફોર્મ સાથે જોડવાની રહેશે, નહીંતર ટેન્ડર ફોર્મને અપૂર્ણ ગણી રદ કરવામાં આવશે. |
| ૩૨. | ભાવો ભરેલ ટેન્ડર ફોર્મ સાથે ટેન્ડર ફોર્મની ફીની રસીદ, ઈ.એમ.ડી.નો ડ્રાફટ, પાનકાર્ડની ઝેરોક્ષ નકલ, રસોયા તરીકે નોંધણી પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ, અનુભવના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ, ફૂડ અને ડ્રગ્ઝ કંટ્રોલ અડમીનીસ્ટ્રેશન, ગુજરાત રાજય દ્વારા આપવામાં આવતું લાયસન્સ (મરજીયાત) હોવું આવશ્યક અને અન્ય સાધનિક પુરાવા સામેલ રાખીને સીલબંધ કવરમાં ''વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા,કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી –૩૯૬૪૫૦'' ના સરનામે મોડામાં મોડું તા.૦૩/૦૧/૨૦૨૦ સુધીમાં કચેરી સમય દરમ્યાન મળી જાય તે રીતે પોસ્ટ/કુરીયરથી મોકલવાનું રહેશે. કવર ઉપર ''કેવીકે ખેડૂતઘર ખાતે રસોઈના ભાવ'' એમ અવશ્ય લખવાનું રહેશે. ટેન્ડર ફોર્મ રૂબરૂમાં સ્વીકારવામાં આવશે નહિ. |
| ૩૩. | ક્રમ–૩૨ માં દર્શાવેલ સાધનિક પ્રમાણપત્રો અને વિગતો વગરનું ટેન્ડર ફોર્મ અધૂરું ગણીને તેને અમાન્ય ગણવામાં આવશે, જે બાબતે પાછળથી પાર્ટીનો કોઈ હકકદાવો રહેશે નહીં. |
| ૩૪. | ટેન્ડર પ્રક્રિયાને ધ્યાને લઈને ભાવો મંજૂર કરવા, ભાવો નામંજૂર કરવા કે આખે આખી ટેન્ડર પ્રક્રિયાને રદ કરવાની સંપૂર્ણ સત્તા યુનિવર્સિટીના સક્ષમ અધિકારી પાસે અબાધિત રહેશે. |
| ૩૫. | કોઈપણ કાયદાકીય વિખવાદ ઉભો થાય ત્યારે તેના નિરાકરણનું કાર્યક્ષેત્ર નવસારી રહેશે. |
| ૩૬ | અત્રેના કેન્દ્ર ખાતે દરરોજ નિયમિત ભોજન બનાવવાનું હોતું નથી પરંતુ જયારે– જયારે તાલિમ કે મુલાકાતિઓ ઉપલબ્ધ હશે ત્યારે જ ભોજન બનાવવાનું રહેશે. તેની જાણ તમને આગળના દિવસે કરવામાં આવશે. |
| ૩૭ | જેથી ભોજન બનાવવાનું હોય તે દિવસે જ આવવાનું થશે. આમ આ કામગીરી કાયમી નથી, પરંતુ ભોજન પીરસવાથી લઈને રસોડાની સંપૂર્ણ કામગીરી આપના માણસો દ્વારા જ કરવાની રહેશે. |
| ૩૮ | ભોજન બનાવવાનું ના હોય તે દિવસે આપને અત્રેની સંસ્થા કે અન્ય કોઈપણ જગ્યાએ કામગીરી કરવાની કોઈ પાબંદી કેન્દ્ર દ્વારા રાખવામાં આવશે નહિ. |
| ૩૯ | નાના કે મોટા કાર્યક્રમો પ્રસંગે ભોજન ખૂટી જવાના પ્રશ્નો ઉભા થવા જોઈએ નહી. |
| ૪૦ | મંજુર કરવામાં આવેલ પાર્ટીએ ટેન્ડરમાં દર્શાવ્યા મુજબ ભોજનની ગુણવત્તા/પ્રમાણ/જથ્થા અંગેની કોઈ પણ ફરીયાદ લેખિત કે મૌખિક રજુઆત કરવામાં આવશે અને તેને ધ્યાને લઈ જે તે પાર્ટીને સદરહુ બાબતોની જાણકારી આપ્યા બાદ પણ ભૂલનું પુનરાવર્તન કરવામાં આવશે તથા લેખિતમાં ત્રણ કે તેથી વધુ ફરીયાદ મળશે તો સદરહુ પાર્ટીની ઓર્ડર કેન્સલ કરવાની સત્તા યુનિટનાં વડા/ કમીટીને અબાધિત રહેશે. |

સ્થળ : ઉપરોકત શરતો અને બોલીઓ(૧ થી ૪૦)

તારીખ : મેં બરાબર વાંચીને સમજી છે અને તે મને માન્ય છે.

ભાવ મોકલનાર પાર્ટીની સહી અને સિકકો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર

# નવસારી કૃષિ યુનિવર્સિટી

નવસારી– ૩૯૬૪૫૦

## કેવીકે ખેડૂતઘર ખાતે રસોઈ બનાવવાના ભાવોનું પત્રક

| અ.નં. | ભોજન મેનુની વિગત | | એક ડીશના તમામ ટેક્ષ સાથેના ભાવો |
|---|---|---|---|
| ૧. | દાળ (૧૫૦ મી.લી.), ભાત,(મસુરી ચોખા) (૧૫૦ ગ્રામ), એક લીલોતરી શાક, પુરી/રોટલી, કચુંબર, પાપડ, અથાણું, છાશ. | | |
| ૨. | દાળ (૧૫૦ મી.લી.), ભાત,(મસુરી ચોખા) (૧૫૦ ગ્રામ), એક લીલોતરી શાક, એક કઠોળ, પુરી/રોટલી, કચુંબર, પાપડ, અથાણું, છાશ. | | |
| ૩. | ભાખરી/રોટલી/પુરી, લીલોતરી રસાવાળું શાક, ખીચડી–કઢી, અથાણું, પાપડ અને દૂધ | | |
| ૪. | દાળ (૧૫૦ મી.લી), ભાત,(મસુરી ચોખા)(૧૫૦ ગ્રામ), શાક, પુરી/રોટલી, મેવા લાપસી/શીરો, કચુંબર, પાપડ, અથાણું, છાશ અને ફરસાણ(ખમણ/ભજીયા/સમોસા), | | |
| ૫. | પુલાવ/જીરા રાઈસ/ભાત(કોલમ), દાળ/કઢી, એક લીલોતરી શાક, એક કઠોળ, પુરી/રોટલી, એક ફરસાણ, કચુંબર, પાપડ, છાશ અને (૧) શ્રીખંડ (૨) ગુલાબજાંબુ (૩) કેરીનો રસ (૪) બરફી પૈકી કોઈપણ એક મીઠાઈ | | |
| ૬. | પુલાવ/જીરા રાઈસ/ભાત(કોલમ), દાળ/કઢી, એક લીલોતરી શાક, એક કઠોળ, પુરી/રોટલી, એક ફરસાણ, કચુંબર, પાપડ, છાશ અને (૧) મોહનથાળ (૨) ચોખ્ખા ઘીના લાડુ (૩) ફ્રુટ સલાડ પૈકી કોઈપણ એક મીઠાઈ | | |
| ૭. | ચા–નાસ્તો : | | |
| | ૭.૧ | એક આખી ચા (૧૦૦ મી.લી.) | |
| | ૭.૨ | એક અડધી ચા (૫૦ મી.લી.) | |
| | ૭.૩ | એક આખી કોફી (૧૦૦ મી.લી.) | |
| | ૭.૪ | ગ્રીન ટી (૧૦૦ મી.લી.) | |
| | ૭.૫ | ખમણ/ઈદડા/બટાકા પૌંવાનો નાસ્તો એક પ્લેટ (૧૫૦ ગ્રામ) | |
| | ૭.૬ | ભજીયા/ગોટા/ઉપમા/ફાફડા/પેટીશ/સમોસા/સેવખમણી/થેપલા/આલુ પરોઠા/ઈડલી સંભાર/મેંદુ વડા કે અન્ય એક પ્લેટ (૧૫૦ ગ્રામ) | |
| | ૭.૭ | ભજીયા/ગોટા/ઉપમા/ફાફડા/પેટીશ/સમોસા/સેવખમણી/થેપલા/આલુ પરોઠા/ઈડલી સંભાર/મેંદુ વડા કે અન્ય એક પ્લેટ(૧૦૦ ગ્રામ) અને એક મિઠાઈ (મોહનથાળ/બરફી/પેંડા/જલેબી) | |
| | ૭.૮ | પાઉભાજી, પાપડ, કચુંબર અને છાશ સહિત | |
| | ૭.૯ | આઈસ્ક્રીમ (અમુલ) | |

**સ્થળ:** **ભાવ મોકલનાર પાર્ટીની સહી અને સીકકો**

**તારીખ:**